"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

---

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૦-૨૧/૧૯ તા.૦૪-૦૨-૨૦૨૧

**<u>ખાસ જરૂરી</u>**

પ્રતિશ્રી,
**માન.શ્રી રાજેશભાઈ મંજુ સાહેબ**
વાહનવ્યવહાર કમિશ્નરશ્રી,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

**<u>વિષય :- COVID-19 મહામારી દરમ્યાન મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ અને સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯ હેઠળના દસ્તાવેજોની માન્યતા બાબત.</u>**

માનનીયશ્રી,

જય ભારત સાથ જણાવવાનું કે ઉપરોક્ત બાબતે આપની કચેરી માંથી પત્ર ક્રમાંક નં ડીએલ/ફા.નં.COVID-19/ઓન/૭૪૨૨ તા.૨૮-૦૯-૨૦૨૦થી એડવાઈઝરી મુજબ વાહન અને લાયસન્સ (શિખાઉ લાયસન્સ સિવાય) લગતાં ડોક્યુમેન્ટસને વેલીડીટી તા.૩૧-૧૨-૨૦૨૦ સુધી માન્ય રાખવાનો આદેશ આપેલ છે. જે ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ હાઈવે મંત્રાલયના પત્ર નં આરટી-૧૧૦૩૬/૩૫/૨૦૨૦-એમવીએલ તા.૨૪-૦૮-૨૦૨૦ના અનુસંધાને કરેલ.

ત્યારબાદ ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ હાઈવે મંત્રાલયના પત્ર તા.૨૭-૧૨-૨૦૨૦ પ્રમાણે ઉપરોક્ત જણાવેલ દરેક ડોક્યુમેન્ટસને તેની અવધિ તા.૩૧-૦૩-૨૦૨૧ સુધી માન્ય રાખવાની એડવાઈઝરી માટેનો કોઈપણ પત્ર અમારા મુજબ આપની કચેરી માંથી મોકલેલ નથી.

અમારી જાણકારી મુજબ ભારતના બીજા રાજ્યોમાં આ એડવાઈઝરીનો અમલ થયેલ છે, પણ અમને મળેલ ફરીયાદ મુજબ મધ્ય પ્રદેશના કોઈ એક વાહનને ગયા અઠવાડિયે વલસાડ આર.ટી.ઓ. દ્વારા રોકવામાં આવેલ અને તેમને નેશનલ પરમીટની અવધિ પુરી થઈ ગઈ છે તેમ જણાવી ગુજરાત રાજ્યનો ટેક્ષ ભરવા ફરજ પાડવામાં આવેલ. આ બાબતે અમોએ આપની કચેરીમાં તેમજ આર.ટી.ઓ. વલસાડ સાથે ઉપરોક્ત બાબતની કેન્દ્ર સરકારની તા.૩૧-૦૩-૨૦૨૧સુધીની ગાઈડલાઈન માટે ચર્ચા કરેલ, પણ તે બાબતનું કોઈ સમાધાન મળેલ નથી.

આપને આ બાબતે અમારી નમ્ર વિનંતી છે કે આ બાબતની ગુજરાત રાજ્યમાં આદેશની ચોખવટ મળે તો આવી ગાડીઓને ગુજરાતમાં કોઈ તકલીફ ન પડે અને જો આપણાં રાજ્યમાં આ બાબતનો પાલનનો આદેશ ના થવાનો હોય તો અમો પડોશી રાજ્ય તેમજ અન્ય રાજ્યમાં જાણકારી આપી દઈએ કે વેલીડ નેશનલ પરમીટ/ઓથોરાઈઝેશન વગર કોઈપણ ગાડીને ગુજરાત રાજ્યમાં મોકલવી નહી.

ઉપરોક્ત બાબતે આપના તરફથી સત્વરે નિરાકરણની આશા સહ.

આભાર સહ,

આપના વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદેવ
(માનદમંત્રી)